## ફોજદારી પરચુરણ અરજી નં. ૧૨૨/૨૦૧૯

## (કુસુમબેન હરસુખપરી ગૌસ્વામી વિ. હરસુખપરી ભીખનપરી ગૌસ્વામી)

### <u>આંક – ૧ લગત હુકમ</u>

(૧) આજરોજ સામાવાળા આ કામે પોકાર કરાવતા હાજર છે. કેસનું રેકર્ડ જોતા આ કામ સામાવાળાએ ચડત ભરણપોષણની રકમ પૈકી કોઈ રકમ ભરપાઈ કરેલ ન હોય રીકવરી વોરંટ બજવાના સ્ટેજે છે. વિશેષમાં આ કામે સામાવાળાને અનેક વખત કોર્ટ ધ્વારા નોટિસની બજવણી કરવામાં આવેલ છે તેમજ રીકવરી વોરંટ પણ ઈશ્યુ કરવામાં આવેલ છે, પરંતુ સામાવાળા ધ્વારા સદરહુ પ્રોસેસની અમલ બજવણી થવા દેવામાં આવેલ નથી અને યેનકેન પ્રકારે અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી.

(૨) અરજદારે હાલની અરજી દાખલ કરી તે અગાઉ ફો.પ.અરજી નં. ૧૨૦/૨૦૧૮ થી ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૧૨૫ હેઠળ દાખલ કરેલી, જે અરજી ચાલી જતા તે અરજીનાં કામે નામ. કોર્ટે અરજદારને ભરણપોષણ પેટે માસિક રૂા.૧,૫૦૦/– સામાવાળા એ અરજીની તારીખથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ હતો.સદર હુકમ મુજબ સામાવાળાએ અરજદારને તા.૦૭/૦૭/૨૦૧૮ થી તા.૬/૧૧/૨૦૧૯ સુધીના માસિક રૂા.૧,૫૦૦/– લેખે કુલ – સોળ માસનાં ના રુપિયા ૨૪,૫૦૦/– અંકે રૂપિયા ચોવીસ હજાર પાંચસો પુરાની રકમની ચુકવણી કરેલ ન હોય અરજદારે હાલની અરજી લાવી સદર રકમ વસુલ મેળવવા દાદ માંગેલ છે. સદર અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા આજદિન સુધી સામાવાળાએ નોટિસની બજવણી થવા દીધેલ નથી અને બજવણીથી નાશતા–ભાગતા ફરેલા છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક–૮ થી સામાવાળા વિરૂધ્ધ રીકવરી વોરંટ કાઢવાની અરજી આપવામાં આવેલી, જે મંજુર કરી સામાવાળા વિરૂધ્ધ રીકવરી વોરંટ કાઢવામાં આવેલું, જે વારંવાર સામાવાળાને ઈશ્યુ કરવા છતાં સામાવાળાને બજવણી થયેલી નહીં.

(૩) આજરોજ સામાવાળા જાતે તથા તેમના વકિલ શ્રી બકુલાબેન પી. ડાભી સાથે હાજર થયેલા છે અને રકમ ભરવા માટે મૌખિક તારીખ માંગેલ છે, જેના અનુસંધાને અરજદારના વિ.વ.શ્રીએ વાંધો લેતા રજુઆત કરેલ છે કે, જો અરજીમાં

જણાવેલ રકમના ૫૦% આવતી મુદૃતે સામાવાળા ભરવા તૈયાર હોય તો સામાવાળાને મુદૃત આપવા સામે તેઓને કોઈ વાંધો નથી,જેથી કોર્ટે સામાવાળા તથા તેના વિ.વ.શ્રીને પૂછતાં તેઓએ તે રકમ ભરવાનો ઈન્કાર કરેલ છે અને આંક–૧૧ થી સામાવાળાએ પૂરસીસ પર જાહેર કરેલ છે કે, અરજદારે માંગ્યા મુજબની કોઈ રકમ તેમની પાસે નથી. અરજદાર તરફે વિ.વ.શ્રી એન.પી. કોટડીયા ધ્વારા આજરોજ આંક–૧૨ થી અરજી આપી રજુઆત કરવામાં આવેલ છે કે,આ કામે મૂળ ફો.પ.અરજી નં.૧૨૦/૨૦૧૮ માં તા.૧૧–૧૦–૨૦૧૯ નાં રોજ ભરણપોષણની રકમ ચુકવવાનો હુકમ થયેલ છે અને આજદિન સુધી સામાવાળાએ એક પણ રૂપિયો અરજદારને ચુકવેલ નથી કે કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી. સામાવાળા આર્થિક રીતે સધ્ધર અને સક્ષમ હોવા છતાં માત્ર ને માત્ર અમો અરજદારને હેરાન કરવાના બદઈરાદાથી કોઈ રકમ ચુકવેલ નથી. સામાવાળાને જંગમ મિલકત જપ્તીનું વોરંટ બજેલ છે તેમ છતાં સામાવાળાએ ઈરાદાપૂર્વક કોઈ રકમ ચુકવેલ નથી, જેથી સામાવાળા વિરૂધ્ધ રકમની વસુલાત માટે હાલની અરજી દાખલ કરવામાં આવેલી છે, તેમાં પણ સામાવાળા લાંબા સમયથી હાજર રહેલા નથી. જેથી રકમની વસુલાત માટે સામાવાળા વિરૂધ્ધ રીકવરી વોરંટનો હુકમ કરવામાં આવેલો અને તે વોરંટની બજવણી પણ સામાવાળા થવા દેતા ન હતા. અરજદાર તરફે વિ.વ.શ્રી ધ્વારા વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, જો સામાવાળાની મુદૃત આપવામાં આવશે તો તેઓ ફરી હાજર રહેશે નહી તેમ જણાવી સામાવાળાની રકમ ભરવા માટેની હાલની મુદૃત સામે સખત વાંધો લીધેલ છે.

(૪) આ કામનાં બન્ને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓને સાંભળ્યા તથા આ કામનું રેકર્ડ વંચાણે લીધું. સામાવાળા તથા તેના વિ.વ.શ્રી આજરોજ અરજી પેટે કોઈ પણ રકમ જમા કરાવતા નથી તે હકીકત ધ્યાને લીધી. તેમજ સામાવાળાએ તેના વિ.વ.શ્રી મારફતે આંક–૧૧ થી જે પૂરસીસ આપેલ છે અને પૂરસીસમાં સ્પષ્ટ રૂપે જણાવેલ છે કે, અરજદારની માંગ્યા મુજબની કોઈ રકમ તેમની પાસે નથી તેવી પૂરસીસમાં લખેલ હકીકત ધ્યાને લીધી. આ કામે મૂળ ફો.પ.અરજી નં.૧૨૦/૨૦૧૮ ના હુકમની નકલ વંચાણે લેતા તેમાં તા.૧૧–૧૦–૨૦૧૯ નાં રોજ ભરણપોષણની રકમ ચુકવવાનો હુકમ થયેલ છે અને આજદિન સુધી સામાવાળાએ અરજીમાં કોઈ રકમની ચુકવણી કરેલ નથી કે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી. હાલની અરજીનાં કેસનું રેકર્ડ વંચાણે લેતા, તેમાં સામાવાળા

સને–૨૦૧૯ થી હાજર રહેલા નથી, જેથી તે કામે રકમની વસુલાત માટે સામાવાળા વિરૂધ્ધ રીકવરી વોરંટનો હુકમ કરવામાં આવેલો અને તે વોરંટની બજવણી પણ સામાવાળા થવા દેતા ન હતા. આમ, સામાવાળા તરફેની વર્તણુંક જોતા, અરજદારને સને ૨૦૧૯ માં ભરણપોષણ ચુકવવાનો હુકમ થયેલ હોવા છતા સામાવાળાએ ભરણપોષણની રકમની ચુકવણી નહીં કરી અરજદારને પોતાના કાયદેસરનાં અધિકારથી વંચિત રાખેલ છે અને લાંબા સમય સુધી પોતાની જાતને આ કામનાં પ્રોસેસોની અમલવારીથી અલિપ્ત રાખેલ છે. આમ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૨૫(૩) ની જોગવાઈ મુજબ હુકમના ભંગ બદલ કેદની સજા કરવી ન્યાયોચિત જણાય છે, આ સંજોગોમાં સોળ માસની રકમ નહીં ચુકવવાના કસુર બદલ અને તે સાથે સામાવાળાએ આંક–૧૧ થી આપેલ પૂરસીસ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

સામાવાળાએ અરજદારને તા.૦૭/૦૭/૨૦૧૮ થી તા. ૦૬/૧૧/૨૦૧૯ ની સોળ માસની ભરણપોષણની રકમ ચુકવવામાં કરેલ કસુર બદલ દર માસની રકમ બદલ દિન – ૧૦ લેખે કુલ સોળ(૧૬) માસની બાકી રકમ રૂા.૨૪,૦૦૦/– તથા અરજી ખર્ચના રૂા.૫૦૦/– મળી કુલ રૂા.૨૪,૫૦૦/– બદલ કુલ ૧૬૦(એકસો સાઈઠ) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. દરમિયાન સામાવાળા આ બાકી રકમ પેટે જેટલી રકમ ચુકવી આપે તેટલી કેદની સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમની એક નકલ સામાવાળાને વિના મુલ્યે તાત્કાલીક આપવી.

હુકમ આજ તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૨/૨૦૨૧
સ્થળઃ–કેશોદ

(કે. આર. ગોહેલ)
એડી. ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
કેશોદ જિ. જૂનાગઢ
(જી. જે. ૦૧૧૬૨)